સરદાર સાહેબની જન્મ જયંતિ નિમિત્તે સરદાર ઓલિમ્પિક્સનું આયોજન

સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે, સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના ભાવ સાથે, તંદુરસ્ત ભારતના નિર્માણ કાજે યુવાનોને પરવડે તેવા છાત્રાલયો, જીપીએસસી/યુપીએસસી ટ્રેનિંગ સેન્ટર, ધંધો, વ્યાપાર, રોજગાર દ્વારા અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે સરદારધામ સંસ્થા વિવિધ રચનાત્મક, સર્જનાત્મક કાર્યક્રમોનું નિયમિત રીતે આયોજન કરે છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટની ભવ્ય સફળતા પછી ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન અને હવે આ વર્ષે વધુ સામાજિક પ્રદાન દ્વારા સરદારધામ યુવા તેજ/તેજસ્વિની આયોજીત 'સરદાર ઓલિમ્પિક્સ'નું સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, અમદાવાદ ખાતે જાહેર આમંત્રણ દ્વારા યુવાનો અને યુવતીઓને જોડીને રાજ્ય કક્ષાના વિશાળ રમતોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ભારતને એક સૂત્રમાં બાંધનાર તથા દેશના નુકસાનને આકાર આપનાર લોહપુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૪મી જન્મજયંતિએ સમાજ અને દેશ માટે એક અનેરો અવસર છે. સરદાર સાહેબની ૧૪૪મી જન્મજયંતિ નિમિત્તે સરદારધામની યુવા પાંખ તેમજ તેજ અને તેજસ્વિની દ્વારા 'સરદાર ઓલિમ્પિક્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓલિમ્પિક્સનો મૂળ ઉદ્દેશ સમાજના યુવા બળને વધુ પ્રોત્સાહિત કરીને તેમનો સાર્વત્રિક વિકાસ કરવાનો છે.(૧)

જેમ અને જવેલરી કાઉન્સિલ દ્વારા ગાંધી જયંતિએ ઈન્ડસ્ટ્રીના એચિવર્ષને સન્માનિત કરાયા

અમદાવાદ, જેમ એન્ડ જવેલરી ટ્રેડ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા બીજી ઓક્ટોબરે રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે ઈન્ડસ્ટ્રીના એચિવર્ષનું સન્માન સમારોહ યોજાયો હતો. કાઉન્સીલ દ્વારા સતત છઠા વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં તેઓ ઈન્ડસ્ટ્રીના વિવિધ આગેવાનો, ક્રાફ્ટ્સમેન, મેન્યુફેક્ચર્સ, રિટેઈલર્સ, માર્કેટિંગ , ડિઝાઈનિંગ અને બ્રાન્ડિંગ સાથે જોડાયેલા મહાનુભાવોને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.કેન્દ્રીય અને રાજ્યના મંત્ર શ્રી પરષોત્તમ રૂપાલા (કૃષિ પ્રધાન, ગુજરાત રાજ્ય), શ્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા (કેબિનેટ શિક્ષણ પ્રધાન, ગુજરાત રાજ્ય) અને શ્રી પ્રદીપ સિંહ જાડેજા (ગૃહમંત્રી, ગુજરાત રાજ્ય) ઉપરાંત વિવિધ ઈન્ડસ્ટ્રીના આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ દિવસ ને અને એવોર્ડ સમારોહ ને વધુ યાદગાર બનાવ માટે રત્ન અને જવેલરી ઉદ્યોગમાં મોટા પાયે યોગદાન આપનાર લોકોને GJTCI દ્વારા ''મહાત્મા ગાંધી એવોર્ડ'' પણ એનાયત કરવામાં આવ્યા હતા. જેમ એન્ડ જવેલરી ટ્રેડ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ શાંતિભાઈ પટેલ છેલ્લા ૪૦ વર્ષથી આ ક્ષેત્રે કાર્યરત છે અને તેઓ નવતર પ્રયોગો અને આયોજનો કરીને ઈન્ડસ્ટ્રીને વિકાસની ગતિમાં આગળ વધારી રહ્યા છે.(૧૯-૮)

આઈસીઆઈસીઆઈ બેંકે માસ્ટરકાર્ડ સાથે જોડાણ કર્યું

#AceYourSpends

મુંબઈ: આઈસીઆઈસીઆઈ બેંકે તહેવારની આગામી સિઝન દરમિયાન પોતાનાં માસ્ટરકાર્ડ ક્રેડિટ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવા માટે ગ્રાહકોને રિવોર્ડ આપવા 'સ્પેન્ડ એન્ડ વિન' અભિયાન શરૂ કરવા માસ્ટરકાર્ડ સાથે એનાં જોડાણની આજે જાહેરાત કરી હતી. 'એસયોરસ્પેન્ડ્સ' નામનું આ અભિયાન ૧ ઓક્ટોબર, ૨૦૧૮થી ૧૦ નવેમ્બર, ૨૦૧૮ સુધી માસ્ટરકાર્ડ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ પર ટોપ ૧૦ સ્પેન્ડર્સને રિવોર્ડ આપશે, જેમાં મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૧૮ની વિમેન્સ એન્ડ મેન્સ ફાઈનલ્સ લાઈવ જોવા ૩ દિવસ, ૨ રાત્રિની ટ્રિપ જીતવાની એક્સક્લૂઝિવ તક મળશે, જેનાં પ્રસ્તુતકર્તા માસ્ટરકાર્ડ છે.

ભારતમાં આ પ્રથમ પ્રકારનું અભિયાન છે, જે ગ્રાહકોને ટેનિસ ગ્રાન્ડ સ્લેમની અનુભવજન્ય મુલાકાત લેવાની તક ઓફર કરે છે. અભિયાનની લોંચ ઈવેન્ટ મુંબઈમાં ૧ ઓક્ટોબર, ૨૦૧૮નાં રોજ યોજાઈ હતી, જેમાં ભારતનાં ટેનિસ સ્ટાર મહેશ ભૂપતિ અને અંકિતા રાઈના તેમજ રમતપ્રેમીઓ ઉપસ્થિત હતાં. ઉપરાંત આ પ્રસંગે માસ્ટરકાર્ડ અને આઈસીઆઈસીઆઈ બેંકનાં અધિકારીઓ પણ ઉપસ્થિત હતાં.

આઈસીઆઈસીઆઈ બેંકનાં અનસીક્યોર્ડ લેન્ડિંગ, કાર્ડ્સ એન્ડ પેમેન્ટ્સ સોલ્યુશન્સનાં જનરલ મેનેજર અને ગ્રૂપ હેડ સુદિપ્તા રૉયએ કહ્યું હતું કે, ''અમને મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૧૯નો રોમાંચક અનુભવ મેળવવાની વિશિષ્ટ તક અમારાં ગ્રાહકોને આપવા માસ્ટરકાર્ડ સાથે જોડાણ કરનારી આઈસીઆઈસીઆઈ પ્રથમ બેંક બની છે એની ખુશી છે.(૧)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીએ એકતા યાત્રાની સંપૂર્ણ માહિતી આપતી વેબસાઈટનું લોન્ચિંગ કર્યુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આગામી ૩૧-ઓકટોબર સરદાર પટેલ જયંતિએ પ્રધાનમંત્રી

શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રને અર્પણ થનારી સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમા વિશ્વના સૌથી

ઊંચા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ના લોકાર્પણ પૂર્વે સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશ ગામેગામ ઘરે ઘરે ગુંજતો કરવા બે તબક્કામાં યોજાનારી એકતા યાત્રાની વેબ સાઈટનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યુ હતું.

Ektayatra.comની આ વેબ સાઈટમાં એકતા યાત્રાના હેતુઓ ઉદ્દેશ્ય અને વિગતવાર કાર્યક્રમોની માહિતી ઉપલબ્ધ થવાની છે.

''એક ભારત શ્રેષ્ઠ ભારત''ના સ્વપ્નદ્રષ્ટા લોહપુરૂષ સરદાર સાહેબના રાષ્ટ્ર માટે સમર્પણ અને યોગદાનને જન-જન સુધી ઉજાગર કરવા ઓકટોબર અને નવેમ્બર માસ દરમિયાન રાજ્યના ૧૦ હજારથી વધુ ગામોમાં આ એકતા યાત્રા વિશેષ રથ સાથે યોજાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદઘાટન એક સંભારણું બને તેવા ભવ્ય કાર્યક્રમ, સરદાર પટેલના સંદેશને હાલના જનજીવનમાં તેની અગત્યતા સાથે લોકો સુધી પહોંચાડવા, સક્ષમ અને અખંડ ભારત માટે ધાર્મિક સંવાદિતાનો સંદેશ પ્રસરાવવો અને સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસાવવી તેમજ જ્ઞાતિ ધર્મથી પર રહી રાષ્ટ્રવાદ કેળવવાના વિષયોને આવરી લઈ આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ એકતા યાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવન કવન અને યોગદાન વિષયક નિબંધ સ્પર્ધા, પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચર્ચા સ્પર્ધાઓ યોજાશે તેમજ વિશેષ રથ સાથે રાષ્ટ્રીય એકતા અંતર્ગત વિડીયો પણ પ્રદર્શિત કરાશે.

આ વેબસાઈટ લોન્ચિંગ વેળાએ ગૃહના અધિક મુખ્ય સચિવ એ.એમ. તિવારી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અખીલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ અને અગ્નિ અખાડાના સભાપતિ તેમજ બિલખા રાવતેશ્વર ધર્માલયના મહંત ગોપાલાનંદજી બાપુ બ્રહ્મલીન થતા શિષ્યગણ શોકમાં ગરકાવ થઈ ગયો છે. આજે ગુરૂવારે જૂનાગઢમાં ગોપાલાનંદજીની બેન્ડની સૂરાવલિ સાથે ચાર ઘોડાવાળી બગીમાં અંતિમયાત્રા નીકળી હતી. જેમાં ગુજરાતભરના સાધુ સમાજના લોકો અને સંતો ઉમટી પડ્યા હતા. જૂનાગઢના માર્ગો પર અંતિમયાત્રા ફેરવવામાં આવી હતી. બાપુના અંતિમ દર્શન માટે લોકો ઉમટી પડ્યા હતા. ગુલાબની પાંદડી અને ફૂલોનો બગી પર વરસાદ કરવામાં આવ્યો હતો.

અકસ્માતમાં કચ્ચરઘાણ થયેલી ગાડીમાંથી બે દિવસે બે લોકો જીવતા નિકળ્યા!!

ઉટી, તમિલનાડુનાં ઉટી-કલહટ્ટી રોડ પર બે દિવસ પહેલા ચેન્નાઈનાં પ્રવાસીઓનો સામુહિક અકસ્માત થયો હતો. જ્યાંથી બે દિવસ બાદ બે યાત્રીઓ જીવતા બહાર નિકળ્યા છે. બંને યાત્રીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાનાં કારણે તેમને ઉટીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસને અકસ્માગ્રસ્ત ગાડીમાંથી પાંચ મૃતદેહ મળ્યા છે.

સૂત્રો અનુસાર જાણવા મળ્યું છે કે, અકસ્માતગ્રસ્ત ગાડીમાં સાત લોકો સવાર હતાં. ગાડી રસ્તાની સાઈડ પર લાગેલા સ્ટીલનાં બેરિકેડ સાથે અથડાઈને ૫૦-૬૦ ફૂટ ઉંડી ખીણમાં જઈને પડી હતી. આ પ્રવાસીઓ ૩૦ સપ્ટેમ્બરનાં રોજ ઉટીની હોટલમાં પહોંચ્યા હતા અને ૧ ઓક્ટોબરનાં રોજ મસીનાગુડી જવા માટે રવાના થયા હતા. જ્યારે તે લોકો બુધવારે પાછા હોટલ પર ન ફર્યા ત્યારે હોટલવાળાઓએ પોલીસને આ અંગે જાણ કરી. નીલગિરિનાં એસપી ડી શાનુગા પ્રિયાએ જણાવ્યું કે, તેમની ગાડી ઉટી-કલહટ્ટી ઘાટ રોડ નજીક ખીણમાં જોવા મળી હતી. ગાડીમાં જીવતા બચેલા બંને વ્યક્તિ મૃતકોની વચ્ચે ફસાઈ ગયા હતા. જે કારણે તેઓ ગાડીમાંથી નીકળી શક્યા નહતા. એસપી શાનુગા પ્રિયાએ જણાવ્યું કે, આ ઘટના કોઈ ચમત્કારથી કમ નથી. આવી દુર્ઘટનામાં ત્રણ દિવસ સુધી અક્સમાત થયેલી ગાડીમાં જીવતા રહેવું તે નસીબની વાત છે.

દેશમાં પ્રથમ વખત અમદાવાદની સાબરમતી જેલમાં જર્નાલીઝમનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે

અમદાવાદ : ગાંધીજી સ્થાપિત નવજીવન ટ્રસ્ટ અને સાબરમતી જેલના સંયુકત ઉપક્રમે છેલ્લાં ત્રણ વર્ષથી જેલમાં કેદીઓના અભ્યાસ અને રોજગારલક્ષી તેમજ કલા સંબંધી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે, ગાંધીજી ૧૫૦મી જયંતિ નિમિત્તે નવજીવન ટ્રસ્ટ દ્વારા તા ૧૫મી ઓકટોબરથી પત્રકારત્વ અને પ્રુફ રીડીંગનો એક વર્ષનો ડિપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અભ્યાક્રમમાં ૨૦ કેદીઓની પસંદગી કરવામાં આવી છે. કેદીઓને અભ્યાસની સાથે રોજગારી પણ મળે તેવી વ્યવસ્થા ખાસ કરવામાં આવી છે. જે કેદીઓ પ્રુફ રીડીંગનું કામ શીખી જાય તેને નવજીવન ટ્રસ્ટ પોતાના પ્રકાશનોનું પ્રુફ રીડીંગનું કામ પણ આપશે જેના કારણે કેદીઓને શિક્ષણની સાથે રોજગારી પણ મળશે. કેદીઓને જેલના નિયમ પ્રમાણે પગાર પણ ચુકવવામાં આવશે. ગુજરાત સરકાર પણ ગાંધીજી ૧૫૦મી જયંતિ ઉજવી રહી છે તેના અનુલક્ષમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં પણ તા ૨૦સપ્ટેમ્બરથી ૫ ઓકટોબર સુધી વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા, આ દિવસો દરમિયાન કેદીઓને મહાત્મા ગાંધીના જીવન આધારીત ફિલ્મ દર્શાવવા ઉપરાંત ગાંધી ખોલી જયાં ૧૯૨૨માં મહાત્મા ગાંધીએ કારાવાસ ભોગવ્યો હતો ત્યાં રોજ કેદીઓ ગાંધીના પ્રિય ભજન પણ કરતા હતા, આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ પીઠના માસ્ટર ઓફ સોશીયોલોજીના ૩૨ વિદ્યાર્થીઓ અને બે પ્રાધ્યાપકોએ સાબરમતી જેલની મુલાકાત લઈ કેદીઓ સાથે સંવાદ કરી કેદીના પ્રશ્નો સમજવાનો પ્રયત્ન કર્યો હતો, આ જ પ્રકારના કાર્યક્રમો સાબરમતી જેલની મહિલા જેલમાં પણ થયા હતા.(૨૨-૧)

સા.અરેબિયા ચીન-પાક. આર્થિક કોરિડોરમાં સામેલ નહીં થાયઃ પાકિસ્તાન

ઈસ્લામાબાદ, સાઉદી અરેબિયા ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરનો હિસ્સો બની રહ્યો છે તેવું કહેનાર પાકિસ્તાને ફેરવી તોળ્યું છે. પાકિસ્તાને હવે એવી જાહેરાત કરી છે કે સાઉદી અરેબિયા ૫૦ બિલિયન ડોલરના ખર્ચવાળી ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોરમાં સામેલ નહીં થાય.

પાકિસ્તાનના આયોજન અને વિકાસમંત્રી ખુસરો બખ્તિયારે કહ્યું કે સાઉદી અરેબિયા આર્થિક કોરિડોરનો હિસ્સો બનવાને બદલે બીજા એક પ્રોજેક્ટમાં રોકાણ કરશે. તેમણે કહ્યું કે આર્થિક કોરિડોર પ્રોજેક્ટમાંથી બહારના બીજા કારોબારમાં ભાગ લઈને ત્રીજો કોઈ દેશ ભાગીદાર બની શકે છે. ચીન અને પાકિસ્તાન વચ્ચેની રૂપરેખા દ્વિપક્ષીય છે. અને સાઉદી અરેબિયા ત્રીજા ભાગીદાર દેશ તરીકે આર્થિક કોરિડોરમાં સામેલ નથી થવાનો.

આ પહેલા સાઉદી અરેબિયાએ કરોડો-અબજો ડોલરના ખર્ચવાળી ચીન- પાકિસ્તાન આર્થિક કોરિડોરમાં ભાગીદાર બનવાની તૈયારી દર્શાવી હતી તેવું પાકિસ્તાનના સૂચનામંત્રી ફવાદ ચોધરીએ જણાવ્યું હતું. ચીન તેના વફાદાર મિત્ર પાકિસ્તાનને આર્થિક બેહાલીમાંથી બહાર લાવવા માટે આ યોજનાને અમલી બનાવી રહ્યો છે.

આર્થિક કોરિડોરમાં સાઉદી અરેબિયાને ભાગીદાર બનાવવાની ચર્ચાની વચ્ચે પાક.પીએમ ઈમરાન ખાને સાઉદી અરેબિયાના રાજા સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

SET ના પોરૂષમાં ક્રૂર યોધ્ધા તરીકે વિકાસ વર્માની ભૂમિકા

દેખાવડો અને સારો દેખાતો અભિનેતા વિકાસ વર્મા કે જે બોલિવુડમાં તેના સ્ટન્ટસ માટે જાણિતો છે તે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના વૈભવી શો પોરૂષમાં જોવા મળશે. આ અભિનેતા તે એકદમ મહત્વકાંક્ષી અને શક્તિશાળી યોધ્ધા સિલિકસ નિકેટરનુ પાત્ર ભજવતો હશે. સીલેકસ તે એલેકઝાન્ડરનો એક સૌથી વધુ વિશ્ર્વાસી સેનાપતિ હતો. તે એકદમ ઘાતકી યોધ્ધો હતો જે તેના રાજકીય દાવપેચ અને તેન યુધ્ધમાં વ્યુહાત્મક લડાઈ માટે જાણીતો છે. વિકાસ કે જેણે સાજ શણગાર સાથે અને પકડ સાથે નકારાત્મક પાત્રો ભજવ્યા છે તે આ નકારાત્મક પાત્ર ભજવવા માટે ઉતેજીત છે તે નાટયાત્મક અને અધિકૃત પાત્ર છે.'

જયારે વિકાસ વર્માને પૂછવામાં આવ્યું ત્યારે તે જણાવે છે કે " હું વર્ષ ૨૦૦૯ માં ઘણા સમય પહેલા ઐતિહાસિક પાત્ર ભજવતો હતો પરંતુ આ સમયે હું આ પાત્ર માટે ખૂબ જ ઉતેજીત છુ. સિલિકસ નિકેટર એક ઘાતકી યોધ્ધો છે કે જે મહત્વકાંક્ષી, તિવ્ર, શક્તિશાળી અને ક્રૂર પણ છે. તે ખૂબ જ જીદ્દી આગેવાન છે કે જે ભારતને જીતવા માંગે છે. તેનો રાજકીય દાવપેચમાં ઉપયોગ અને વ્યુહાત્મક લડાઈ ખુબ જ અદભુત છે અને હું આ પાત્ર ભજવવા માટે ખરેખર ઉતેજીત છુ."

જયારે પૂછવામાં આવ્યુ કે આ પાત્રને માટે તમારી તૈયારી શી છે ત્યારે વિકાસ જણાવે છે કે, "હું એક મિમીક્રિ કલાકાર છુ અને આ વખતે હું મારા અવાજ સાથે રમવાનો છું. હું મારા સંવાદને ધીમા અને ખચકાતા અવાજમાં બદલવા માંગુ છુ, જેમકે સરકાર રાજમાં અમિતાભ બચ્ચન. અન્ય નકારાત્મક પાત્રોમાં મારે મારું પાત્ર ભજવવાનુ છે પરંતુ આ વખતે તે કંઈક અલગ બનવાનુ છે." (૧૯-૮)

અરુણાચલના ત્રણ જિલ્લા અશાંત જાહેર : કેન્દ્રએ અફસ્પા લાગુ કર્યો

ન્યુ દિલ્હી, કેન્દ્ર સરકારે અરુણાચલ પ્રદેશના ત્રણ જિલ્લાઓને અશાંત જાહેર કર્યા છે. આ ત્રણ જિલ્લાને અશાંત જાહેર કરીને કેન્દ્ર સરકારે ત્યાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એકટ (અફસ્પા) તાત્કાલિક અસરથી લાગુ પાડી દીધો છે. કેન્દ્રીય ગૃહ પ્રધાને આ સંદર્ભમાં એક સત્તાવાર નોટિફિકેશન પણ જારી કરી દીધું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવાયું છે કે અરુણાચાલ પ્રદેશના ત્રણ જિલ્લા- તિરપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લાને અશાંત જાહેર કરવામાં આવે છે. આ નોટિફિકેશનમાં વધુમાં જણાવાયું છે કે અરુણાચલ પ્રદેશની આસામ સરહદે આવેલા લગભગ આઠ પોલીસ સ્ટેશન હેઠળના કેટલાક વિસ્તારોને પણ અશાંત જાહેર કરવામાં આવ્યા છે. આમ ત્રણ જિલ્લા ઉપરાંત અન્ય કેટલાક વિસ્તારો પણ અશાંત જાહેર કરાયા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પોતાના નોટિફિકેશનમાં વધુમાં જણાવ્યું છે કે તિરપ, ચાંગલાંગ અને લોંગડિંગ જિલ્લા અને આસામ સરહદે આવેલા આઠ પોલીસ સ્ટેશનના વિસ્તારોને અશાંત જાહેર કરવામાં આવ્યા છે.



ભારત પ્રવાસ દરમિયાન પૂર્વ હેવિવેટ ચેમ્પિયન બોક્સર અમેરિકાના માઈક ટાઈસને ચિકન બિરયાનીની ભરપૂર મજા માણી હતી. સ્વદેશ પરત ફરતા સમયે તે સાથે એક શેરવાણી પણ લઈ ગયો હતો. ટાયસન મિકસ્ડ માર્શલ આર્ટ્સ લીગ કુમિતેને લોન્ચ કરવા પ્રથમ વખત ભારત આવ્યો હતો. સેલિબ્રિટી બોડીગાર્ડ શેરાએ આ જાણકારી આપી.

બિઝનેસમાં રોકાણ કરવાની લાલચે ૨૫ વર્ષીય મહિલા પર દુષ્કર્મ

ન્યુ દિલ્હી, દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં બિઝનેસમાં રોકાણ કરવાની લાલચ આપીને ૨ લોકોએ એક ૨૫ વર્ષીય મહિલા પર રેપ કર્યો. મહિલાનો આરોપ છે કે બે છોકરાઓ સિવાય એક ૧૯ વર્ષીય યુવતીએ પણ તેની સાથે યૌન શોષણ કર્યું. પોલીસે આ મામલે એક આરોપીની ધરપકડ કરી છે.

સીમાપુરી પોલીસ સ્ટેશનમાં રેપનો કેસ નોંધવામાં આવ્યો છે. મહિલાએ મેજિસ્ટ્રેટ સામે નિવેદન આપતા જણાવ્યું કે, તે ગુરુગ્રામમાં એક ખાનગી ફર્મમાં કામ કરતી હતી પરંતુ કેટલાંક મહિનાઓ પહેલાં પોતાનો બિઝનેસ શરૂ કરવા તેણે નોકરી છોડી દીધી.

જે બાદ એક દિવસ તેની મુલાકાત આરોપીઓમાંથી એક શખસ સાથે થઈ. તેણે પોતાને કોઈ આઈટી કંપનીનો સિનિયર એસોસિએટ જણાવી અને તે શખસે જ બાકીના બંન્ને આરોપી સાથે તેની મુલાકાત કરાવી અને ઓનલાઈન કપડાની ખરીદી કરવાનો બિઝનેસ શરૂ કરાવવા તૈયાર થઈ ગયા.

એફઆરએઆઈ એ વોલમાર્ટ-ફિલપકાર્ટ સૌદાની વિરોધમાં કૈટની રથયાત્રાનું ગુજરાતમાં સ્વાગત કર્યુ

FEDERATION OF RETAILERS ASSOCIATION OF
(RAJKOT CHAPTER)
PPORTS CAIT
रिटेल FDI भगाओ
ने वतन को बचाओ

૪ કરોડ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના રિટેલ દુકાનદારોના પ્રતિનિધિ સંગઠન ફેડરેશન ઓફ રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડીયા (એફઆરએઆઈ) દેશભરમાં તેના સભ્ય રિટેલ એસોસિએશન સાથે કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સ (કૈટ) ની રથયાત્રાનું વિવિધ શહેરોમાં સ્વાગત કરે છે. વોલમાર્ટ-ફિલપકાર્ટ સૌદાના વિરોધમાં દેશભરમાં વ્યાપારીઓએ ૯૦ દિવસની રથયાત્રાનું એલાન કર્યુ છે. આજે આ સપ્તાહમાં રથયાત્રા અમદાવાદ, રાજકોટ અને સૂરત પહોંચી હતી જયાં તેનું સ્વાગત એફઆરએઆઈના સ્થાનિક પદાધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. એફઆરએઆઈ ઈન્ટરનેટ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતી ડીપ ડિસ્કાઉટિંગ, લોસ ફંડિંગ અને માર્કેટ કન્સંટ્રેશન વ્યુહનિતીઓ કારણે લાખો પરિવારોની આજીવિકા પર ગંભીર ખતરો જોતા ભારત સરકારને વોલમાર્ટ-ફિલપકાર્ટનો સૌદો રદ કરવાની અપીલ કરી છે.

ભારતમાં અસંગઠિત રિટેલક્ષેત્ર રોજગાર નિર્માણની બાબતમાં કૃષિ બાદ બીજુ સૌથી મોટું ક્ષેત્ર છે. મોટાભાગના રિટેલ દુકાનદારો આર્થિકરીતે નિચલા સ્તરમાં આવે છે અને મોટેભાગે તેઓ તેમના પરિવારમાં કમાનાર એકજ વ્યકિત હોય છે, જે પરિવારના ભરણ-પોષણ માટેની ખૂબ કઠિન પરિશ્રમ કરે છે. તેમાં રિટેલ દુકાનદારોને અન્ય અર્થપૂર્ણ રોજગાર મેળવો ખુબ કઠિન હોય છે અને તેઓ જીવનનિર્વાહ માટે નાના રોજગારો પર નિર્ભર હોય છે. (૧૩-૫)

જાહેર નોટીસ

ICICI Bank

ICICI Bank Limited

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦ ૦૫૧.
બ્રાન્ચ : આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફીસ નં. ૨૦૧- બી-૨જો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર - ૪૦૦૬૦૪.

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોમીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/ જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ	જામીનમાં મુકેલ મિલ્કત/અમલમાં આવનારી મિલ્કત	નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ (રૂા.)	એનપીએ તારીખ
૧.	એમ પી રિસોર્સિસ (પીયુસ પટેલ - પ્રાપરાઈટર) મિનાક્ષી પીયુસ પટેલ - ૬૫૪૭૦૫૬૦૦૨૩૭ - બી - ૧૬૪, સાકાર - ૭, બ્લોક બી, પહેલા માળે, નેહરુ બ્રીજ કોર્નર, પતંગ હોટલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૬ ૬૫૪૭૦૫૬૦૦૨૩૭	પ્રોપર્ટી ૧) ૧૦૦૧, ૧૦મો માળ, બ્લોક નં. એફ, વ્રજ વાટીકા એપાર્ટમેન્ટ, એવેન્યુ પાર્ક પાસે અને જયરાજ પાર્ક, રાવાપુર રોડ વાજેપર, મોરબી, ગુજરાત, મોરબી-૩૬૩૬૪૧. પ્રોપર્ટી ૨) ૧૦૦૨, ૧૦મો માળ, બ્લોક નં. એફ, વ્રજ વાટીકા એપાર્ટમેન્ટ, એવેન્યુ પાર્ક પાસે અને જયરાજ પાર્ક, રાવાપુર રોડ વાજેપર, મોરબી, ગુજરાત, મોરબી-૩૬૩૬૪૧. પ્રોપર્ટી ૩) ૧૦૦૩, ૧૦મો માળ, બ્લોક નં. એફ, વ્રજ વાટીકા એપાર્ટમેન્ટ, એવેન્યુ પાર્ક પાસે અને જયરાજ પાર્ક, રાવાપુર રોડ વાજેપર, મોરબી, ગુજરાત, મોરબી-૩૬૩૬૪૧. પ્રોપર્ટી ૪) ૧૦૦૪, ૧૦મો માળ, બ્લોક નં. એફ, વ્રજ વાટીકા એપાર્ટમેન્ટ, એવેન્યુ પાર્ક પાસે અને જયરાજ પાર્ક, રાવાપુર રોડ વાજેપર, મોરબી, ગુજરાત, મોરબી-૩૬૩૬૪૧.	૧ ઓક્ટોબર, ૨૦૧૮ રૂા. ૮૦,૩૩,૯૦૯/-	૩૦ જુન, ૨૦૧૮

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ ૧૩ (૨) હેઠળ પ્રસિદ્ધ થયાનાતારીખ થી ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ના ૧૩ (૨)ની જોગવાઈ મુજબ ૬૦ દિવસની મુદત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-,
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

તારીખ : ૦૬- ઓક્ટોબર- ૨૦૧૮
સ્થળ : ગુજરાત